
અન્ના માટે નવો કોટ



અન્ના માટે નવો કોટ









શિયાળો આવી રહ્યો હતો અને અન્ના માટે એક નવા કોટની સખત જરૂર હતી. ઘણા શિયાળામાં એણે એનો રુંવાટીવાળો વાદળી કોટ પહેર્યો હતો. પણ હવે એની રૂંવાટી ઘસાઈ ગઈ હતી, એ જૂનો અને બહુ ટૂંકો થઈ ગયો હતો. ગયા શિયાળામાં અન્નાની માઁ એ કહ્યું હતું, "જયારે યુદ્ધ સમાપ્ત થશે, ત્યારે જ આપણે વસ્તુઓ ખરીદી શકીશું. ત્યારે હું તને એક સારો નવો કોટ ખરીદીને આપીશ." પણ યુદ્ધ સમાપ્ત થયા પછી પણ દુકાનો ખાલી હતી. ત્યાં કોઈ કોટ ન હતા. ખાવાનો સામાન પણ બહુ ઓછો હતો. અને લોકો પાસે ખરીદવાના પૈસા પણ ન હતા.









અન્નાની માઁ એ વિચાર્યું કે એ અન્ના માટે એક નવો કોટ કેવી રીતે ખરીદે. ત્યાં એને એક વિચાર આવ્યો. "અન્ના, મારી પાસે પૈસા તો નથી," એણે કહ્યું, "પણ મારી પાસે હજી દાદાજીની સોનાની ઘડિયાળ અને થોડી બીજી સારી વસ્તુઓ બચી છે. કદાચ એનાથી આપણે નવા કોટ માટે જે જરૂરી હોય એ લાવી શકીયે. પહેલા આપણે ઊનની જરૂર પડશે. કાલે આપણે એક ખેડૂતને મળવા જશું અને એને ઊન વિષે પૂછશું."





બીજે દિવસે અન્ના અને એની માઁ પાસેના એક ખેતરમાં ખેડૂતને મળવા ગયા. "અન્નાને એક નવો કોટ જોઈએ છે," અન્નાની માઁ એ ખેડૂતને કહ્યું. "મારી પાસે પૈસા નથી, પણ જો તમે મને તમારા ઘેટાંનું પૂરતું ઊન અપશો તો હું તમને બદલામાં આ સુંદર સોનાની ઘડિયાળ આપીશ." ખેડૂતે કહ્યું, "આ બહુ સારો વિચાર છે! પણ મારા ઘેટાંના ઊન માટે તમારે વસંત સુધી રાહ જોવી પડશે, જયારે હું મારા ઘેટાનું ઊન કાતરીશ. ત્યારે હું તમને ઘડિયાળના બદલામાં પૂરતું ઊન આપીશ."



અન્ના વસંતના આવવાની પ્રતીક્ષા કરવા લાગી. લગભગ દર રવિવારે એ એની માઁ સાથે ઘેટાંને મળવા જતી હતી. એ હંમેશા એને પૂછતી, "શું તમારું ઊન વધી રહ્યું છે?" ઘેટાં હંમેશા જવાબમાં "બાઆઆ! બાઆઆ!" કરતા હતા. પછી એ ઘેટાંને સારું તાજું ઘાસ ખવડાવતી હતી અને એને ભેટતી હતી. નાતાલ સમયે અન્ના એને માટે કાગળની માળા અને સફરજન લાવી. એણે એને માટે નાતાલના પ્રાર્થનાગીત પણ ગયા.







જયારે વસંત આવી તો ખેડૂતે ઘેટાનું ઊન કાતર્યું.

"શું ઊન કાતરવાથી ઘેટાંને પીડા થશે?" અન્નાએ પૂછ્યું.

"નહીં, અન્ના," ખેડૂતે જવાબ આપ્યો, "ઊન કાતરવું એ વાળ કાપવા જેવું છે."

જયારે કોટ બનાવવા માટે પર્યાપ્ત ઊન ભેગું થયું, તો ખેડૂતે અન્નાને ઊન કેવી રીતે સાફ કરવું એ શીખવાડયું. "ઊનને સાફ કરવું એ વાળમાંથી ગૂંચ કાઢવા જેવું છે," એણે અન્નાને જણાવ્યું. પછી એણે અન્નાની માઁ ને ઊન ભરેલો એક મોટો થેલો આપ્યો અને અન્નાની માઁ એ એને સોનાની ઘડિયાળ આપી.





અન્ના અને એની માઁ ઊનનો થેલો એક વૃદ્ધ સ્ત્રી પાસે લઈ ગયા જેની પાસે એક ચરખો હતો.


"અન્નાને એક નવા કોટની જરૂર છે," અન્નાની માઁ એ મહિલાને કહ્યું. "મારી પાસે પૈસા તો નથી, પણ જો તમે ઊનમાંથી ગૂંથવા માટે કાંતેલું સૂતર બનાવી આપશો તો હું તમને આ સુંદર દિપક આપી શકું છું." મહિલાએ કહ્યું, "મને એક સુંદર દિપકની સખત જરૂર છે. પણ હું જલ્દીથી ચરખો ચલાવી નથી શકતી, કારણકે હું વૃદ્ધ થઈ ગઈ છું અને મારી આંગળીઓ જકળાઈ ગઈ છે. જયારે ચેરી પાકવા લાગે ત્યારે તમે પાછા આવજો અને મારી પાસેથી કાંતેલું સૂતર લઈ જજો."

જયારે ઉનાળો આવ્યો, ત્યારે અન્ના અને એની માઁ પાછા આવ્યા. અન્નાની માઁ એ વૃદ્ધાને દિપક આપ્યો અને વૃદ્ધ મહિલાએ એને કાંતેલું સૂતર આપ્યું અને સ્વાદિષ્ટ લાલ ચેરીની એક ટોકરી આપી.





"અન્ના, તું ક્યા રંગનો કોટ પસંદ કરીશ?" એની માઁ એ પૂછ્યું.
"લાલ રંગનો!" અન્નાએ જવાબ આપ્યો.
"તો આપણે થોડી લિંગનબેરી (એક નાનું લાલ ફળ) તોડીએ," અન્નાની માઁ એ કહ્યું. "એનાથી એક સુંદર લાલ રંગ (ડાઇ) બનશે."
ઉનાળાના અંતમાં, અન્નાની માઁ જંગલમાં સૌથી સારા સ્થાન પર ગયા, જ્યાં સૌથી મોટા અને પાકેલા લિંગનબેરી હતા.





અન્ના અને એની માઁ એ એક મોટા વાસણમાં પાણી ઉકાળ્યું
અને એમાં લાલ બેરી નાખ્યા. એ રંગીન પાણીમાં અન્નાની
માઁ એ કાંતેલું નિસ્તેજ સૂતર ડુબાડયું.



થોડા સમયમાં ઉનના લાલ દોરા રસોડામાં કપડાંની દોરી પર
સૂકાવા માટે લટકતા હતા.
જ્યારે એ સૂકાઈ ગયા, ત્યારે અન્ના અને એની માઁ એ ઊનના
દોરાના દડા બનાવ્યા.





એ ઊનના દડાને વણકર પાસે લઈ ગયા.

"અન્નાને એક કોટ જોઈએ છે," અન્નાની માઁ એ કહ્યું, "મારી પાસે પૈસા નથી, પણ જો તમે આ ઊનના દોરામાંથી કપડું વણી આપશો તો હું તમને આ લીલો ગાર્નેટ (ઝવેરાત) નો બનેલો હાર આપીશ."

વણકરે કહ્યું, "હાર તો બહુ સુંદર છે. હું તમારે માટે ઊનના દોરામાંથી કપડું જરૂર વણી આપીશ. તમે બે અઠવાડિયામાં પાછા આવજો."

જયારે અન્ના અને એની માઁ પાછા આવ્યા, તો વણકરે એને સુંદર લાલ ઊની કપડાંનું થાન આપ્યું. અન્નાની માઁ એ વણકરને શાનદાર ગાર્નેટનો હાર આપ્યો.





બીજે દિવસ અન્ના અને એની માઁ દરજી પાસે ગયા.

"હવે શિયાળો આવી રહ્યો છે અને અન્નાને એક નવો કોટ જોઈએ છે," અન્નાની માઁ એ દરજીને કહ્યું. "મારી પાસે પૈસા તો નથી, પણ જો તમે આ કાપડમાંથી અન્ના માટે એક કોટ બનાવશો તો હું તમને ચીનાઇ માટીની બનેલી આ કીટલી આપીશ."

દરજીએ કહ્યું, "આ એક સુંદર કીટલી છે. અન્નાનો એક નવો કોટ બનાવતા મને બહુ ખુશી થશે, પણ પહેલા મારે અન્નાનું માપ લેવું પડશે."

એણે અન્નાના ખભા માપ્યા. એણે અન્નાના હાથ માપ્યા. એણે એની પાછળની બાજુથી ગરદનથી ઘૂંટણ સુધીનું માપ લીધું. પછી એણે કહ્યું, "તમે આવતા સપ્તાહે પાછા આવજો. ત્યાં સુધીમાં હું કોટ સીવી રાખીશ."






દરજીએ નમૂનો બનાવ્યો, કપડું કાપ્યું, પિન મારી, અને સિલાઈનું કામ કર્યું. એણે લગભગ આખું અઠવાડિયુ કામ કર્યું. કોટ સીવી લીધા પછી એણે એના બટન બોક્સમાંથી છ સુંદર મેચિંગ બટન કાઢ્યા અને કોટ પર સીવ્યા.

એણે ગર્વથી કોટને બારીમાં બધાને જોવા માટે લટકાવ્યો.







જ્યારે અન્ના અને એની માઁ દરજીની દુકાને પાછા આવ્યા, તો અન્નાએ એનો નવો કોટ પહેર્યો. એ અરીસાની સામે ગોળ ગોળ ફરી. કોટ બરાબર બંધબેસતો હતો!

અન્નાએ દરજીનો આભાર માન્યો. અન્નાની માઁ એ પણ દરજીનો આભાર માન્યો, અને એને સુંદર ચિનાઈ માટીની કીટલી આપી.





અન્નાએ એનો નવો કોટ ઘરે જતા સુધી પહેર્યો.
એ દરેક દુકાનના કાચમાં પોતાનું પ્રતિબિંબ જોવા ઉભી રહી.
જયારે એ ઘરે પહોંચ્યા તો એની માઁ એ કહ્યું, "નાતાલ થોડા સમયમાં આવશે, અને મને લાગે છે કે આ વર્ષે આપણે એક પાર્ટી રાખી શકીયે છીએ.“ અન્નાએ કહ્યું, "ઓહ હા, અને શું આપણે એ બધા લોકોને આમંત્રિત કરી શકીયે જેણે કોટ બનાવવામાં આપણી મદદ કરી?"
"હા," અન્નાની માઁ એ કહ્યું. "અને હું એક નાતાલ માટે કેક બનાવીશ જેમ હું પહેલા કરતી હતી.“ અન્નાએ એની માઁ ને એક મોટું આલિંગન આપ્યું.



નાતાલની પૂર્વ સંધ્યા પર ખેડૂત, સૂતર કાંતનારી, વણકર, અને દરજી અન્નાના ઘરે આવ્યા. બધાને લાગ્યું કે અન્ના એના નવા કોટમાં બહુ સુંદર લાગી રહી હતી.

અન્નાની માઁ એ બનાવેલી નાતાલની કેક બહુ સ્વાદિષ્ટ હતી. બધા એ વાતથી સહમત હતા કે ઘણા લાંબા સમય પછી એ લોકોએ આટલી સુંદર રીતે નાતાલ મનાવી હતી.







નાતાલના દિવસે અન્ના ઘેટાંને મળવા ગઈ.
"ઘેટાં, ઊન માટે તમારો આભાર," એણે કહ્યું. "શું તમને મારો સુંદર નવો કોટ પસંદ આવ્યો?"
જયારે ઘેટાંએ જવાબ આપ્યો ત્યારે જાણે એ સ્મિત કરતા હોય એવું લાગ્યું, "બાઆઆ! બાઆઆ"

સમાપ્ત